# 13

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાનના બાંધકામ બાબત**

*15/4/693 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના મકાન મંજૂર કરવામાં આવ્યા, તેના માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનુક્રમે ૪૮ અને ૮૦ – ગ્રામ પંચાયતના મકાન મંજૂર કરવામાં આવ્યા, તેના માટે અનુક્રમે રૂ.૭૪૧.૦૦ લાખ અને રૂ.૧૨૮૫.૦૭ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી પંચાયતના મકાન નોનયુઝ જાહેર કરેલ છે અને તે ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૨) ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કુલ ૪૮ – ગ્રામ પંચાયત અને સાબરકાંઠા જિલ્લામાં કુલ ૮૦ – ગ્રામ પંચાયતના મકાન નોનયુઝ જાહેર કરેલ છે અને તે પૈકી અરવલ્લી જિલ્લામાં કુલ ૪૮ – ગ્રામ પંચાયતમાંથી ૪૫ – ગ્રામ પંચાયતોના મકાનને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તેમજ બાકીના ૩(ત્રણ) – ગ્રામ પંચાયત મકાનોને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે તથા સાબરકાંઠા જિલ્લામાં કુલ ૮૦ – ગ્રામ પંચાયતોના મકાનને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સદરહું મકાનો સત્વરે બનાવવામાં આવશે. |